
RAJASTHAN PATRIKA, Surat, 9.1.2024
Page No. 2, Size:(6.10)cms X (7.55)cms.

# वाइब्रेंट गुजरात में कर सकेंगे बुलेट ट्रेन का वर्चुअल अनुभव



**सूरत@पत्रिका.** गांधीनगर में नौ जनवरी से आयोजित वाइब्रेंट गुजरात 2024 में बुलेट ट्रेन का भी एक स्टॉल लगाया गया है। यहां अहमदाबाद एचएसआर स्टेशन पर पहुंचने वाली बुलेट ट्रेन का वर्चुअल अनुभव किया जा सकेगा।

एनएचएसआरसीएल के अधिकारियों ने बताया कि भविष्य की एक झलक पाने के लिए गांधीनगर महात्मा मंदिर के हॉल-10, स्टॉल पी-2 में स्टॉल लगाया गया है। यहां लोगों को बुलेट ट्रेन की वर्चुअल झलक दिखाई देगी। 9 से 13 जनवरी तक चलने वाले वाइब्रेंट गुजरात 2024 में एमएएचएसआर प्रोजेक्ट की सभी जानकारी उपलब्ध करवाई जाएगी।

NHSRCL
National High Speed Rail Corporation Ltd.

DIVYA BHASKAR, Surat, 10.1.2024
Page No. 11, Size:(18.26)cms X (10.76)cms.

**People sat in the simulator and enjoyed the bullet train journey during Vibrant Gujarat Summit 2024**

### વાઈબ્રન્ટ સમિટમાં બુલેટ ટ્રેન અને ટનલ બોરિંગ મશીનના મોડેલ મૂકવામાં આવ્યા

# સિમ્યુલેટરમાં બેસી લોકોએ બુલેટ ટ્રેનની સફરનો અનુભવ માણ્યો

**ઓમકારસિંહ ઠાકુર** | અમદાવાદ

ગાંધીનગર ખાતે શરૂ થયેલા વાઈબ્રન્ટ સમિટ દરમિયાન યોજાયેલા ટ્રેડ શોમાં નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશને બુલેટ ટ્રેનનું મોડેલ રજૂ કર્યું છે. મુલાકાતે આવતાં લોકો સિમ્યુલેટરમાં બેસીને બુલેટ ટ્રેનની મુસાફરીનો અનુભવ મેળવી શકે છે. શોમાં મુકાયેલા બુલેટ ટ્રેનનું મોડેલ લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. આ મોડેલમાં લોકો ડ્રાઈવરની કેબિન, કોચમાં પેસેન્જરોની સીટ સહિત અન્ય સુવિધાની માહિતી મેળવી શકે છે. તેની સાથે જ ત્યાં આવતા લોકોને એનએચએસઆરસીએલના અધિકારીઓ દ્વારા બુલેટ ટ્રેનની વિશેષતા સહિતની માહિતી પણ આપવામાં આવી રહી છે. એટલું જ નહીં શોમાં બુલેટ ટ્રેનના પાટા, અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન માટે તૈયાર થનાર સુરંગ (ટનલ), ટનલ બોરિંગ મશીન (ટીબીએમ)નું પણ મોડેલ લોકો સમક્ષ મુકવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, હાલમાં અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. તેની સાથે જ આ પ્રોજેક્ટ માટે ગુજરાતમાં પહેલાથી જ જમીન સંપાદનનું કામ 100 ટકા પૂર્ણ થઈ ગયું હતું. જ્યારે મહારાષ્ટ્રમાં બાકી રહેલી જમીનનું સંપાદન પણ ગત સપ્તાહે થઈ જતાં હવે આ પ્રોજેક્ટ માટે 100 ટકા જમીન સંપાદનનું કાર્ય પૂર્ણ થયું છે.



## ફર્સ્ટ ક્લાસમાં 15, બિઝનેસ ક્લાસમાં 55, સ્ટાન્ડર્ડ ક્લાસમાં 620 સીટ હશે

- શિંકનસેન સિરીઝની (જાપાન બુલેટ ટ્રેન) ની ઈ-5 શ્રેણીમાં ભારતીય પર્યાવરણીય સ્થિતિ મુજબ તૈયાર કરાયેલી ટ્રેન.
- શરૂઆતમાં 10 કોચ સાથે ટ્રેનસેટની જરૂર પડશે, ભવિષ્યમાં ટ્રાફિક વધતા 16 કોચ સાથેની ટ્રેન દોડાવી શકાશે.
- 10 કોચની એક ટ્રેનમાં આશરે 690 પેસેન્જરોને બેસવાની ક્ષમતા હશે.
- આ ટ્રેનની ઓપરેશનલ સ્પીડ 320 કિમી પ્રતિ કલાકની હશે.
- ટ્રેનમાં ત્રણ પ્રકારની બેઠક વ્યવસ્થા હશે જેમાં ફર્સ્ટ ક્લાસની - 15 બેઠકો, બિઝનેસ ક્લાસ- 55 બેઠકો, સ્ટાન્ડર્ડ ક્લાસની- 620 બેઠકો તેમજ કોચ દીઠ સરેરાશ 77-78 બેઠકો હશે.
- મુસાફરોના આરામ માટે પગ રાખવાની પૂરતી જગ્યા.
- તમામ કોચમાં સીટની ઉપર સામાન મૂકવાની જગ્યા હશે.
- આ ટ્રેન એરોડાયનેમિકલી ડિઝાઈન કરવામાં આવશે.
- ટ્રેનોમાં લેપટોપ મોબાઈલ ચાર્જિંગ માટે પાવર આઉટલેટ્સની સુવિધા.
- દરેક કોચમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે.
- દરેક કોચમાં પેસેન્જરોને આગામી સ્ટેશન સહિત અન્ય માહિતી મળી રહે તે માટે પેસેન્જર ઈન્ફર્મેશન સિસ્ટમ લગાવાશે.
- ટ્રેનમાં ફીટ કરવામાં આવેલી તમામ સીટને ટ્રેનની ગતિની દિશા સાથે ફેરવી શકાશે.

**The bullet train will have 15 seats in first class and 620 seats in standard class**

**અમદાવાદ-મુંબઈ વચ્ચે 10 કોચની ટ્રેન દોડાવાશે**

## વાઈબ્રન્ટ સમિટમાં મુકાયેલા સિમ્યુલેટરમાં બેસી લોકોએ ટ્રેનની સફર જેવો અનુભવ કર્યો

# બુલેટ ટ્રેનના ફર્સ્ટ ક્લાસમાં 15, સ્ટાન્ડર્ડ ક્લાસમાં 620 સીટ હશે



**ઓમકારસિંહ ઠાકુર** | અમદાવાદ

ગાંધીનગર ખાતે શરૂ થયેલા વાઈબ્રન્ટ સમિટ દરમિયાન યોજાયેલા ટ્રેડ શોમાં નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશને બુલેટ ટ્રેનનું મોડેલ રજૂ કર્યું છે. મુલાકાતે આવતાં લોકો સિમ્યુલેટરમાં બેસીને બુલેટ ટ્રેનની મુસાફરીનો અનુભવ મેળવી શકે છે. બુલેટ ટ્રેન 10 કોચની હશે અને ફર્સ્ટ ક્લાસમાં 15, બિઝનેસ ક્લાસમાં 55, સ્ટાન્ટર્ડ ક્લાસમાં 220 બેઠક હશે. શોમાં મુકાયેલા બુલેટ ટ્રેનનું મોડેલ લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. આ મોડેલમાં લોકો ડ્રાઈવરની કેબિન, કોચમાં પેસેન્જરોની સીટ સહિત અન્ય સુવિધાની માહિતી મેળવી શકે છે. તેની સાથે જ ત્યાં આવતા લોકોને એનએચએસઆરસીએલના અધિકારીઓ દ્વારા બુલેટ ટ્રેનની વિશેષતા સહિતની માહિતી પણ આપવામાં આવી રહી છે.

એટલું જ નહીં શોમાં બુલેટ ટ્રેનના પાટા, અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન માટે તૈયાર થનાર સુરંગ (ટનલ), ટનલ બોરિંગ મશીન (ટીબીએમ) નું પણ મોડેલ લોકો સમક્ષ મુકવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, હાલમાં અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. તેની સાથે જ આ પ્રોજેક્ટ માટે ગુજરાતમાં પહેલાથી જ જમીન સંપાદનનું કામ 100 ટકા પૂર્ણ થઈ ગયું હતું.

## ટ્રેન જે દિશામાં દોડતી હશે તે દિશા તરફ સીટ ફેરવી શકાશે, કોચમાં CCTV હશે

- શિંકનસેન સિરીઝની (જાપાન બુલેટ ટ્રેન)ની ઈ-5 શ્રેણીમાં ભારતીય પર્યાવરણીય સ્થિતિ મુજબ તૈયાર કરાયેલી ટ્રેન.
- શરૂઆતમાં 10 કોચ સાથે ટ્રેનસેટની જરૂર પડશે, ભવિષ્યમાં ટ્રાફિક વધતા 16 કોચ સાથેની ટ્રેન દોડાવી શકાશે.
- 10 કોચની એક ટ્રેનમાં આશરે 690 પેસેન્જરોને બેસવાની ક્ષમતા હશે.
- આ ટ્રેનની ઓપરેશનલ સ્પીડ 320 કિમી પ્રતિ કલાકની હશે.
- ટ્રેનમાં ત્રણ પ્રકારની બેઠક વ્યવસ્થા હશે જેમાં ફર્સ્ટ ક્લાસની - 15 બેઠકો, બિઝનેસ ક્લાસ- 55 બેઠકો, સ્ટાન્ડર્ડ ક્લાસની- 620 બેઠકો તેમજ કોચ દીઠ સરેરાશ 77-78 બેઠકો હશે.
- મુસાફરોના આરામ માટે પગ રાખવાની પૂરતી જગ્યા.
- તમામ કોચમાં સીટની ઉપર સામાન મૂકવાની જગ્યા હશે.
- આ ટ્રેન એરોડાયનેમિકલી ડિઝાઈન કરવામાં આવશે.
- ટ્રેનોમાં લેપટોપ મોબાઈલ ચાર્જિંગ માટે પાવર આઉટલેટ્સની સુવિધા.
- દરેક કોચમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે.
- દરેક કોચમાં પેસેન્જરોને આગામી સ્ટેશન સહિત અન્ય માહિતી મળી રહે તે માટે પેસેન્જર ઈન્ફર્મેશન સિસ્ટમ લગાવવામાં આવશે.
- ટ્રેનમાં ફીટ કરવામાં આવેલી તમામ સીટને ટ્રેનની ગતિની દિશા સાથે ફેરવી શકાશે.

MIDDAY-GUJARATI, Mumbai, 10.1.2024
Page No. 5, Size:(7.18)cms X (16.95)cms.

**Bullet Train model at Vibrant Gujarat 2024**

# બુલેટ ટ્રેનની ટ્રાયલ રન ગુજરાતમાં ૨૦૨૬માં

ગાંધીનગરમાં ટ્રેડ શોમાં બુલેટ ટ્રેનનું પ્રદર્શન આકર્ષણનું કેન્દ્ર બન્યું : સિમ્યુલેટર થ્રુ બુલેટ ટ્રેનની મોજ માણી : સુરત સ્ટેશન અને બુલેટ ટ્રેનનું મૉડલ જોઈ લોકો દંગ

**શૈલેષ નાયક**

shailesh.nayak@mid-day.com

**અમદાવાદ :** મુંબઈ-અમદાવાદ વચ્ચે દોડનારી ભારતની સૌપ્રથમ બુલેટ ટ્રેનમાં બેસવા માટે મુસાફરોએ હજી અંદાજે બે વર્ષની રાહ જોવી પડશે. બુલેટ ટ્રેનનો ટ્રાયલ રન વર્ષ ૨૦૨૬માં ગુજરાતમાં કરવામાં આવશે. બધું સમુંસૂતરું ઊતરે ત્યાર બાદ મુસાફરો માટે બુલેટ ટ્રેન શરૂ કરાશે. જોકે ગુજરાતના પાટનગરમાં યોજાયેલા ટ્રેડ શોમાં બુલેટ ટ્રેનનું પ્રદર્શન લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું અને બુલેટ ટ્રેન શરૂ થાય એ પહેલાં બુલેટ ટ્રેનના સિમ્યુલેટરમાં બેસીને લોકોએ બુલેટ ટ્રેનનો રોમાંચ માણ્યો હતો.

મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલનાં સ્પોકપર્સન સુષ્મા ગોરે 'મિડ-ડે'ને કહ્યું હતું કે 'બુલેટ ટ્રેન માટે વર્ષ ૨૦૨૬માં ગુજરાતમાં સુરત અને બીલીમોરા વચ્ચે લગભગ ૫૦ કિલોમીટરનો ટ્રાયલ રન યોજાશે. કદાચ ૨૦૨૬ના સપ્ટેમ્બરના અંત સુધીમાં ટ્રાયલ રન યોજાશે, કેમ કે મહારાષ્ટ્રમાં જમીન સંપાદનના કામમાં થોડી વાર લાગી હતી. હવે જમીન સંપાદનનું કામ ૧૦૦ ટકા થઈ ગયું છે અને ઑલરેડી મહારાષ્ટ્રમાં કામ શરૂ થઈ ગયું છે. આ પ્રોજેક્ટનાં બધાં કામ એકસાથે ચાલી રહ્યાં છે અને બુલેટ ટ્રેન માટે લોકોમાં ઉત્સાહ દેખાઈ રહ્યો છે.'

મુંબઈ-અમદાવાદ વચ્ચે દોડનારી બુલેટ ટ્રેનનું ગાંધીનગરના ટ્રેડ શોમાં પ્રદર્શન કરવામાં આવ્યું હતું. બુલેટ ટ્રેનનું મૉડલ, સુરતમાં બનનારું ડાયમન્ડ ટાઈપનું સ્ટેશન, નર્મદા નદી પરનો સૌથી લાંબો બ્રિજ સહિતનાં મૉડલ મુકાયાં છે અને ટ્રેન વિશે લોકોને માહિતી આપવામાં આવી રહી છે. ખાસ વાત એ છે કે અહીં બુલેટ ટ્રેનનું સિમ્યુલેટર મુકાયું છે જેમાં બેસીને લોકો બુલેટ ટ્રેનમાં બેઠા હોય એવા રોમાંચ સાથે આનંદ માણ્યો હતો.



ગાંધીનગરમાં ટ્રેડ શોમાં બુલેટ ટ્રેનનું મૉડલ મુકાયું હતું.